**સુવિચાર : પ્રેમ સે તો સારે જહાં પે અસર હોગી.. અગર નહીં હોગી તો સમજો... હમારી કહીં કસર હોગી- ઓશો**

આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૦) અંક નં. ૧૨૨ | ૧૧ જુલાઇ, ૨૦૧૫, શનિવાર ; અધિક અષાઢ વદ - ૧૦ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦




# હવે પ્લોટોની હરાજી ૨૮મીએ યોજાશે

ગાંધીનગર,તા.૧૦

ગાંધીનગર શહેરના પ્લોટની હરાજી જે ૨૪ જુલાઈના રોજ થવાની હતી તે રદ કરીને હવે ૨૮ જુલાઈના રોજ યોજાશે.

જિલ્લા વહીવટી તંત્ર એ આજે ઈ-હરાજીની પ્રક્રિયાને લઈ કેટલાક મહત્વના નિર્ણયો કર્યા છે તેમાં હરાજીની તારીખમાં ફેરફાર સાથે પ્લોટોની હરાજીની શરતમાં પણ ફેરફાર કર્યો છે.

જિલ્લા તંત્રના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે ડિઝીટલ સિગ્નેચર ખરીદવાની તારીખ ૨૨મી જુલાઈ સુધી લંબાવવામાં આવી છે.

આ ઉપરાંત ડોકટર હાઉસના સમાવેશ કરવામાં આવ્યો છે.

મળતી વિગતો પ્રમાણે ડિઝીટલ સિગ્નેચર ખરીદવાની સૌને તક મળી રહે તે માટે તેની તારીખ પણ લંબાવવામાં આવી છે. આ બીડરો નહિ હોવાથી તેમજ ૧૪ જેટલા પ્લોટની હરાજી રદ કરાતાં હવે ૬૯ પ્લોટની હરાજી થશે.

જિલ્લા તંત્રએ આ વખતે ડ્રોપ બોકસની પ્રથા પણ અમલી થતી વાતો કોઈને પણ મળી શકશે નહિ.

આ વખતે તંત્ર બિડરો વચ્ચે કોઈ પણ પ્રકારની રીંગ ના થાય તે માટે સંપૂર્ણ સજ્જ થઈ ચુકયું છે તેથી જ તેણે ડોકટર હાઉસ માટેની શરતમાં પણ આંશિક ફેરફાર કર્યો છે જેથી સારી કિંમત પ્રાપ્ત થઈ શકે.

ઈ-હરાજીના બીજા તબક્કામાં પણ સારા ભાવ મળશે

## ડોકટર હાઉસની હરાજીમાં બધા ભાગ લઈ શકશે પણ પ્લોટનો હેતુ ફેર નહિ કરાય તેવી શરત લાગુ કરવામાં આવી : ૨૨મી જુલાઈ સુધી ડીઝીટલ સિગ્નેચર ખરીદી શકાશે

જે પ્લોટ નિયત કરાયા છે તેની હરાજીમાં બધા જ લોકો ભાગ લઈ શકે તેવી જોગવાઈ કરવામાં આવી છે. જો કે પ્લોટનો હેતુફેર થઈ શકશે નહિ તે શરતનો પેટા શરતમાં સમય અવધિ હવે સુધારીને ૨૨મી જુલાઈ કરવામાં આવી છે.

જિલ્લા તંત્રએ એક દસકા બાદ ૯૮ પ્લોટ હરાજી મટે મુકયા હતા પરંતુ ૫૨ પ્લોટમાં કોઈ બનાવી છે. અને ડ્રોપ બોકસ ખોલવા માટે અધિકારીઓની એક સમિતિ રચવામાં આવી છે જેની હાજરીમાં રોજકામ કર્યા પછી જ તે ખુલશે જેથી હરાજીના બિડરોને લઈ તેમજ જે જે ક્ષતિઓ જણાઈ હતી તે બધી જ દૂર કરવામાં આવી રહી છે.

ગાંધીનગરના પ્લોટોની હરાજી થકી રૂ. ૧૧૨ કરોડની જંગી આવક સરકારને થઈ હતી અને તેવી અપેક્ષાઓ રાખવામાં આવી રહી છે. ઈ હરાજીમાં વધુને વધુ લોકો ભાગ લઈ શકે તે માટે હરાજીની તારીખમાં પણ ફેરફાર કરવામાં આવ્યો છે.




## જિલ્લાના ૧૧ નાયબ મામલતદારો બદલાયા

### ચૂંટણી અને કંટ્રોલ રૂમની જવાબદારી આ અધિકારીઓને સોંપવામાં આવી : હજુ પણ વધુ બદલીના ભણકારા

ગાંધીનગર, તા.૧૦

જિલ્લા વહીવટી તંત્રમાં કલેકટરે ૧૧ જેટલા નાયબ મામલતદારોની બદલીના હુકમો કર્યા છે. જો કે હજુ પણ બદલીનો એક ગંજીફો જિલ્લા સત્તાવાળાઓ દ્વારા ચીપાય તેવી શકયતાના નિર્દેશો પણ મળી રહ્યા છે.

ચોમાસાની ઋતુને ધ્યાને રાખી ઈમરજન્સી રિસ્પોન્સ સેન્ટર માટે હંગામી ધોરણે ઉભી કરાયેલ પાંચ નાયબ મામલતદારોની સ્થાનિક સ્વરાજયની ચૂંટણી માટેની મંજુર થયેલ જગ્યાઓ પર નિમણુંક કરવી જરુરી બનેલ હોવાથી આ બદલીના હુકમો જારી કરવામાં આવ્યા છે.

બદલીના કરાયેલ આ હુકમમાં ચાર નાયબ મામલતદારોને તેમની જગ્યાના હવાલા ઉપરાંત ઈમરજન્સી રિસ્પોન્સ સેન્ટરનો હવાલો સોંપવામાં આવ્યો છે.

● અનુસંધાન પાન-૭ પર



વાદળો વિખરાયા - શહેરના આકાશમાં છેલ્લા ચાર દિવસથી વાદળો અને વાદળો વિખરાયનો ઘટનાક્રમ નિયમિત બન્યો છે... સવારે આશા બંધાય અને સાંજ નિરાશામય જાય એ પણ જાણે રોજનું થતું જાય છે... હવે મેઘરાજા વિલંબ વિના પધારે એવી પ્રજાજનો પ્રાર્થના કરી રહ્યા છે... (તસવીર : દિપક જાની)

## મનપા દ્વારા ૧૫મીએ નગરના બાળકોની ટેલેન્ટ ખોજ સ્પર્ધા

### શહેરની પ્રાથમિક શાળાઓના બાળકો માટે યોજાનારા ટેલેન્ટ ખોજ સ્પર્ધામાં પ્રભારી મંત્રીશ્રી નીતિન પટેલ અને મનપાના પદાધિકારીઓની વિશેષ ઉપસ્થિતિમાં કાર્યક્રમ યોજાશે

ગાંધીનગર, તા.૧૦

ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા શહેરની પ્રાથમિક શાળાના બાળકોમાંથી ટેલેન્ટ ખોજનો અભિનવ કાર્યક્રમ આગામી ૧૫મી જુલાઈના રોજ ટાઉનહોલ ખાતે યોજવામાં આવેલ છે.

જિલ્લાના પ્રભારી મંત્રીશ્રી નીતિનભાઈ પટેલની ઉપસ્થિતિમાં આ કાર્યક્રમ યોજવામાં આવનાર છે. જેમાં બાળકમાં પડેલી ટેલન્ટને શોધી અને તે સ્ટેજ પર રજુ કરવામાં આવશે.

આ ટેલેન્ટ ખોજ સ્પર્ધા અન્વયે જુદી જુદી કેટેગરી પણ નિયત કરવામાં આવી હોવાનું તંત્રના સુત્રોમાંથી જાણવા મળેલ છે.

● અનુસંધાન પાન-૭ પર













